**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૦/૧૨/૨૦૧૪ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૮૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૭૩ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૮૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ\બળાત્કાર :-** **સમાચાર યાદી નં. ૩૦૮૨/૧૪**

**સોલા હાઇકોર્ટ :** સોલા હાઇકોર્ટ વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા છ માસથી તા.૧૯/૧૨/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બળદેવભાઇ સોમાભાઇ મકવાણા અને (૨) મેરૂભાઇ સોમાભાઇ મકવાણા (રહે.બંને ગામ: સવલાણા તા.લખતર જી.સુરેન્દ્રનગર)એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી સોલા ભાગવત તેમજ ગારીયાધાર ખાતેનાં ભાડાના મકાનમાં લઇ જઇ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં. ૩૦૮૩/૧૪**

**શાહીબાગ :** રાકેશભાઇ ઘનશ્યામભાઇ ભટ્ટ (રહે, ઓચીર્ડ ગ્રીન, ગિરધરનગર, શાહીબાગ) એ તા.૧૯/૧૨/૧૪ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૧૪ થી તા.૦૧/૧૧/૧૪ દરમ્યાન આરોપી (૧) મનસુખભાઇ ત્રીવેદી (રહે.વસંતવિહાર સોસાયટી, રાજસ્થાન હોસ્પીટલ પાસે, શાહીબાગ) અને (૨) અનમોલ વૈદકુમાર અગ્રવાલ (જેના સરનામાની ખબર નથી) એ ભેગામળી રાકેશભાઇ પાસેથી ફ્લેટ પેટે કુલ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- લઇ, ફ્લેટના ટાઇટલ ક્લીયર ન કરી આપી તથા પાકો દસ્તાવેજ ન કરી આપી, રાકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે એલ ચૌહાણ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૦૮૪/૧૪</u>**

**કાગડાપીઠ :** અંજુબહેન લક્ષ્મણભાઇ (રહે.લક્ષ્મી કોલોની, કાંકરીયા રોડ) તા.૧૯/૧૨/૧૪ બપોરનાં ૨/૧૫ વાગ્યાના સુમારે કંટોડીયાવાસ, પારસી અગીયારી ત્રણ રસ્તા તરફનાં રોડ ઉપરથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે એક્ટિવા ઉપર આવેલ પુરૂષ (૩૦ વર્ષના આશરાનો) અંજુબહેનનાં ગળામાં હાથ નાંખી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અંજુબહેને કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.જે.ચૌધરી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૮૫/૧૪</u>**

**વટવા :** મોહમદનાસીર મોહમદઅફાક સીદ્દીકી (રહે.દાનીશ ડુપ્લેક્ષ, તસ્લીમ સોસાયટીની બાજુમાં, સૈયદવાડી, વટવા) એ તા.૨૬/૧૧/૧૪ રાતના ૧૧/30 થી તા.૨૭/૧૧/૧૪ સવારનાં ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાની ટ્રક નારોલ અસલાલી હાઇવે પર આવેલ કલાપી હોટલ સામે પાર્ક કરી હતી. જે ટ્રકની તાડપત્રી કાપી અજાણ્યો ટ્રક ચાલક મોહમદનાસીરની ટ્રકમાંથી કાપડની ગઠન નંગ-૩૩, જેમાં લેડીઝ સુટ તેમજ સાડી ભરેલ, જેની કુલ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મોહમદનાસીર સીદ્દીકીએ તા.૧૯/૧૨/૧૪ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૮૬/૧૪</u>**

**રાણીપ :** ભોગીલાલ ત્રિભોવનલાલ પટેલ (રહે.ચણસ્મા સોસાયટી, વિભાગ-૧ બલોલનગર રાણીપ) એ તા.૧૯/૧૨/૧૪ સવારના ૬/૦૦ વાગે નવસર્જન સ્કુલ પાસે આવેલ સ્વામીનારાયણ મંદિરના મુખ્ય દરવાજા આગળ પોતાની મારૂતી નંબર જીજે ૧ એચ.ઇ. ૬૮૦૯ કિમત રૂપિયા ૪૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બે કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભોગીલાલ પટેલે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.ડામોર ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૮૭/૧૪</u>**

**બાપુનગરઃ** સંગીતાબેન દિલીપભાઈ ઠાકોર (ઉ.વ.૩૦)(રહે.સોનેરીયાની ચાલી, બાપુનગર) તા.૧૭/૧૨/૧૪ રાતના ૯/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર પાણી ગરમ કરતી વખતે શરીરે દાઝી જતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૦૮૮/૧૪</u>**

**બાપુનગરઃ** રીતુબેન શૈલેષભાઈ ગુપ્તા (ઉ.વ.૨૪)(રહે.શિલાપાર્ક સોસાયટી, ઈન્ડીયા કોલોની રોડ, બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૮/૧૨/૧૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કોઇ ઝેરી પદાર્થ ખાઇ લીધો હતો. રીતુબહેનને સારવાર માટે સ્ટાર હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૨/૧૪ સાંજનાં ૫/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.